## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**

| ભાવ | ગ્રહ |
|---|---|
| ૮ | શનિ, ચંદ્ર |
| ૯ | બુધ શુક્ર |
| ૧૦ | સૂર્ય |
| ૧૧ | કેતુ |
| ૧૨ | |
| ૧ | |
| ૨ | |
| ૩ | |
| ૪ | |
| ૫ | વક્રી ગુરુ, રાહુ |
| ૬ | |
| ૭ | મંગળ |

**શનિ - ચંદ્રનો વિષયોગ થાય છે. ગુરુ - રાહુનો ચાંડાલ યોગ થાય છે. આજે કાલ સર્પ યોગ થાય છે.**

**મેષ** બુધ - શુક્ર અંશાત્મક પ્રબળ બનતા હોઈ ભાગ્યના જોરે શનિની પનોતીમાંથી આજે આરામથી પસાર થઈ જશો. શનિ - ચંદ્રનો વિષયોગ તંદુરસ્તી બગાડે. ડરપોક બનાવે.

**વૃષભ** રાશિપતિ શુક્ર અંશાત્મક પ્રબળ બનતાં આઠમું સ્થાન દૃઢ બનાવે. આયુષ્ય વધારે. તંદુરસ્તી વધારે - બુધની યુનિને કારણે શેરબજારમાં ફાયદો થાય.

**મિથુન** રાશિપતિ બુધની સાથે પ્રબળ શુક્રની યુતિ હોઈ સેલીબ્રીટીઝ - નેતાગણથી લાભ મળે. લોકપ્રિયતા - ચાહના પ્રાપ્ત થાય તેવું કોઈ કાર્ય આપનાથી થાય.

**કર્ક** સાતમે સૂર્ય ભાગીદારો તથા લગ્ન જીવનમાં વિસંવાદિતા લાવે. અપ્રિય પ્રસિદ્ધિ મળે તેવું કોઈ કાર્ય આપનાથી થઈ જાય તેવા યોગો છે. સાચવવું.

**સિંહ** ચોથે શનિની અઢી વર્ષની પનોતીનો મધ્યભાગ પૂરો થઈ ગયેલ છે. એક વર્ષ સુધી પનોતી ચાલે છે. હનુમાનજી - શનિદેવની ભક્તિ પૂજા કરવી યોગ્ય ગણાશે.

**કન્યા** બારમું - બીજું - ત્રીજું સ્થાન બગડેલ છે તેથી વિચારો અને વાણી ઉપર કાબૂ રાખશો તો આરામથી દિવસ પસાર થઈ જશે. કાંતો શત્રુઓ વધશે.

**તુલા** રાશિમાં મંગળ - ચોથે સૂર્ય તમોને દિવસ વારંવાર ગુસ્સો કરવામાં પસાર થઈ જશે. રાશિપતિ પ્રબળ હોઈ તેમજ ત્રીજે હોઈ સારા ભાગ્યનો કોઈ ચમત્કાર પણ મળે.

**વૃશ્ચિક** રાશિમાં નીચનો ચંદ્ર - શનિ સાથે વિષયોગમાં છે તેથી ગ્લાનિયુક્ત દિવસ પસાર થાય. પરંતુ બીજે બુધ - શુક્રની પ્રબળ યુતિના કારણે મોટા વગવાળા આગેવાનોની મુલાકાત પણ થાય.

**ધન** રાશિમમાં શુક્ર - બુધની યુતિના કારણે દિવસ આનંદમાં પસાર થશે. બારમે શનિ ચંદ્રની યુતિ ખોટા - ખર્ચા કરાવે. બીજે સૂર્ય વિના કારણ ગુસ્સો કરાવે - ધ્યાન રાખવું.

**મકર** રાશિપતિની દ્રષ્ટિ રાશિ ઉપર હોઈ પનોતીમાં પણ બારમા શુક્ર - બુધને લીધે શુભ ફળ મળે - મિશ્ર ફળ મળે - ગ્લાનિ - વ્યગ્રતા રહે - બહુ ખોટા વિચારો કરવા નહીં.

**કુંભ** સાતમે ચાંડાલ યોગના કારણે કૌટુંબિક વિસંવાદિતા ઊભી થાય - ભાગીદારો સાથે વિખવાદ થાય - પોતાના પારકા થાય - દોસ્તો દુશ્મન થાય - ધ્યાન રાખવું.

**મીન** છઠ્ઠે રાહુ - આટમે મંગળ તંદુરસ્તીને જોખમમાં મુકે તેવા કામ તમારી પાસે કરાવે. દસમે બુધ - શુક્રની યુતિને કારણે મિશ્ર ફળ મળે - સારા નરસા પ્રસંગો બને.

# ભાજપનો આંતરકલહ શાંતિનો ભોગ ન લે તો સારૂ : શંકરસિંહ

અમદાવાદ, તા. ૨

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ પત્રકાર પરિષદમાં પત્રકાર તથા મીડીયાના મિત્રોને સંબોધતા જણાવ્યુંહતુંકે, વર્ષ ૨૦૦૧થી રાજયમાં અને વર્ષ ૨૦૧૪થી કેન્દ્રમાં ભાજપની સરકારો બન્યા પછી આ બંને સરકારો તુક્કાઓથી ચાલે છે. હકીકતમાં, સરકાર સક્ષમ લોકો માટે નહીં પણ જરૂરિયાતમંદ લોકો માટે કામ કરતી હોવી જોઈએ. વર્ષ ૨૦૧૪માં એનડીએ સરકાર દિલ્હીમાં બેઠી ત્યારપછી ચૂંટણી સમયે યુપીએ સરકારના નિર્ણયોવિરુદ્ધ કરેલ નિવેદનો પ્રત્યે ઘણા યુ ટર્ન પોતાના ફેસ સેવીંગ માટે લીધા છે. અમે પ્રજા વિરોધ નથી તેવો દેખાડો કરવા અને યુપીએ સરકારના સારા કાયદાઓહોય તો તેનો અમલ કરીશું એવા દેખાડાવાળા ટુ ટર્ન લીધા પછી પણ દેશમાં મોંઘવારી અને બેકારીના સમયમાં પ્રજા અચ્છે દિન આયેંગે એવી અપેક્ષા રાખી રહી હતી તેવી કોઈ રાહત મળી નથી અને આશા સાવ ઠગારી નીવડી છે.

વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની યુપીએ સરકારે કરેલા મનરેગા જેવા કાયદાઓની તે વખતે ગુજરાતની ભાજપ સરકાર મશ્કરી કરતી હતી. આજે એ જ એનડીએ સરકાર યુપીએ સરકારની મનરેખા સ્કીમ સારી છે. એમ સ્વીકારે છે. મનરેગા, રાઈટ ટુ એજ્યુકેશન, રાઈટ ટુ ઈન્ફર્મેશનની યોજનાઓ તેમજ સિત્તેર હજાર કરોડ રૂપિયાની ખેડુતાના દેવા માફીની યોજના, એમએસપી દ્વારા કપાસ અને બીજા અન્ય અનાજના ભાવોમાં ખેડુતોને રાહત મળે તેવી યોજનાઓ કેન્દ્રની યુપીએ સરકારે બનાવી હતી. મહિલા અને બાળ સુરક્ષા બીલ અને નેશનલ ફુડ સીક્યુરીટી એક્ટ બનાવી જે-તે વખતની સરકારે સક્ષમ લોકોને બદલે જરૂરિયાતમંદ લોકોની ચિંતા કરી હતી. ગુજરાતમાં ૨૦૦૨થી ભાજપની સરકાર બન્યા પછી તુક્કાઓના કોઈ જ પરિણામ આવ્યા નથી. એઠલા માટે જ ઓબીસી હોય, પાટીદાર સમાજ હોય, એસસી, એસટી સમાજ હોય ટૂંકમાં આખું ગુજરાત આ ભાજપ સરકારથી નારાજ હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. આજે આખા વિશ્વમાં મંદીનું મોજું કરી વળ્યું છે. ત્યારે તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજીએ આવી યોજનાઓ દ્વારા મંદી ઉપર જોરદાર બ્રેક મારેલી, સામાન્ય માણસની ખરીદ શક્તિ વધે તો મંદીમાં પણ ઉત્પાદન ચાલુ રહે તેવા પગલા તેઓએ લીધા હતા. એનડીઆઈનો વિરોધ કરતી હતી તેને ચાલુ રાખવાની ફરજ પડી અને સંરક્ષણ અને રેલ્વેના ક્ષેત્ર સુધી એફડીઆઈને લઈ જવા માંગે છે.




**માજુમ નદીના પુલ પર બનાવેલ ડિવાઈડર પર ટ્રક ચડી જતા અફડાતફડી**

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં મંગળવારે વહેલી પરોઢે ડિપ-હજીરાના રોડ પર શામળાજી તરફથી આવતી ટ્રકના ચાલકે શિયાળાના ધુમ્મસના લીધે માજુમ નદીના પુર પર બનાવેલ ડિવાઈડર નજરે ન ચડતા ટ્રક પુરપાટ ઝડપે દોડાવતા ટ્રક ડિવાઈડર તોડી ૧૦૦ મીટર સુધી ઢસડાઈ અટકી પડી હતી. સદનસીબે વહેલી પરોઢના લીધે વાહનોની અવર-જવર ઓછી હોવાથી દુર્ઘટના ટળી હતી. ડિવાઈડર પર ટ્રક ચડી જતા ભારે અવાજ થતા અફડાતફડી મચી ગઈ હતી. જવાબદાર તંત્ર દ્વારા પુલ પર બનાવેલ ડિવાઈડર પર રેડીયમ કે દિશા સૂચન બોર્ડ લગાવેલ ન હોવાથી વારંવાર વાહનચાલકો ડિવાઈડર પર ચડી જવાની ઘટનાઓ બનતી રહે છે. જવાબદાર તંત્ર ગાઢ નીંદ્રામાંથી બહાર ન આવતા કોઈના મોતની રાહ જોવે છે કે શું ? તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# તાજપુરના ખેડૂતને ભટ્ઠાનો પાક નિષ્ફળ જતા ગ્રાહક સુરક્ષામાં લાંબા થવુ પડ્યુ

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ તાજપુર ખાતે રામદેવ પ્રોફાઈલ પ્રા.લી. ફેક્ટરીના કેમીકલ પાવડરથી ખેતીના પાકને નુકશાન થતા વળતર મેળવવા ખેડૂત ગ્રાહક સુરક્ષા મંડળના દ્વારે પહોંચ્યો છે. પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે રહેતા રાઠોડ ભરતસિંહ દુરસિંહના ખેતરમાંતૈયાર થયેલ ભટ્ઠાનો પાકમાં બાજુમાં આવેલ પ્લાસ્ટીકના દરવાજા બનાવતી ફેક્ટરીના કેમીકલ પાવડરથી પાક નાશ પામતા ખેડૂત દ્વારા ફેક્ટરી માલિકને રજુઆતો કરી હતી. છતાં ફેક્ટરી માલિક દ્વારા ખેડૂતને પાકના નુકશાન સામે વળતર આપવાની કેફેક્ટરીમાં આવકાર પણ નહી આપતા અને ફેક્ટરીમાં આવી વાહિયાત રજુઆતો લઈને આવવુ નહી તેમ કરી ભગાડી મુક્યા હતા અને જે થાય એ કરી લો નો જવાબ આપતા ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટને લેખિતમાં રજુઆત કરી હતી. મંડળના પ્રમુખ દ્વારા ફેક્ટરી માલિકને ખેડૂતને પાકના નુકશાન સામે વળતર ચુકવણી કરવા ફેક્ટરી માલિકને નોટીસ પાઠવી હતી. ત્યારે પોલ્યુશન વિભાગની પોલ ખુલ્લી છતાં આંખે હપ્તાના પાટાને લીધે હજુ પણ કેટલીય ફેક્ટરીઓમાં ઝેરી પાણી, કેમીકલ અને પાવડરના રજકણો ઉડવા છતાં મૌન વ્રત ધારણ કર્યુ છે અને તંત્ર દ્વારા લાખ્ખો લોકોના સ્વાસ્થ્ય સામે તથા ખેડૂતોને બરબાદીના પંથે લઈ જવાની દિશામાં હોય તેવું જણાઈ આવે છે. હવે જોવાનું એ રહ્યું કે શું ખેડૂતને ભટ્ઠાનો પાક નિષ્ફળ ગયેલ વળતર મળશે કે કેમ અને આવી ફેક્ટરીઓ સામે પોલ્યુશન વિભાગ લાલ આંખ કરશે કે કેમ એ તો આવનારા દિવસોમાં જ ખબર પડશે.

# બનાસકાંઠામાં પાંચ સ્થળોએ સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગ સેન્ટરો શરૂ કરાશે

પાલનપુર, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા સરકારી ભરતી અન્વયે લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની કોચિંગ અને માર્ગદર્શન માટે બનાસકાંઠા જિલ્લામાં પાંચ સ્થળોએ કોચિંગ સેન્ટરો શરૂ કરવામાં આવશે. જેમાં માત્ર ગ્રેજ્યુએટ ઉમેદવારોને જ મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓના માર્ગદર્શન માટે બનાસકાંઠા જિલ્લાના પાંચ સ્થળો પર કોચિંગ આપવામાં આવશે. જેમાં અંબાજી કોલેજ કેમ્પસ, અંબાજી, શિહોરી મામલતદાર કચેરી સંકુલ શિહોરી, ધાનેરા પ્રાંત કચેરી ધાનેરા, ભાભર, એપીએમસી હોલ ભાભર અને થરાદ એપીએમસી હોલ થરાદનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ કોચિંગ કેન્દ્રો ખાતે ૧૦૦ જગ્યાઓ માટે કોચિંગ ક્લાસ શરૂ કરાશે. ઉમેદવારોએ તા. ૫મી ફેબ્રુઆરી-૨૦૧૬ સુધીમાં દાતા, કાંકરેજ, ધાનેરા, ભાભર અને થરાદ મામલતદાર કચેરીમાં સવારે ૧૧ થી ૫ કલાક દરમ્યાન નોંધણી કરાવવાની રહેશે. આ કોચિંગ ક્લાસમાં ફક્ત ગ્રેજ્યુએટ ઉમેદવારોને જ પ્રવેશ આપવામાં આવશે. ફક્ત શૈક્ષણિક લાયકાતના આધારે જ ૧૦૦ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે અને સરકારની પ્રવર્તમાન અનામતની જોગવાઈઓ મુજબ અનામત રાખવામાં આવશે. જેમાં તમામને મેરીટના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઈમેદવારોએ તમામ વિગતો તથા ઉમેદવારોનો પાસપોર્ટ સાઈઝનો ફોટો સહી સાથે સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવ્યુ છે.

## હૃદયની બિમારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તકલીફ અને ૨૪૩ બાળકોને નાક-કાન-ગળાની તકલીફો હોવાની હકીકતો આ ચકાસણી દરમ્યાન બહાર આવવા પામી છે. આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૫૬,૧૫૧ બાળકોની તપાસના લક્ષ્યાંક સામે ૪૫,૧૬૪ બાળકોના આરોગ્યની ચકાસણી થઈ ચુકી છે. ૭૬૦૪ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરનું બાળપણ બિમારીથી વધુ પિડાતુ જોવા મળ્યુ છે. તેમજ બદલાતી જીવનશૈલીને કારણે તમાકુનું સેવન ઉપરાંત કેન્સર, કિડની અને હૃદયની બિમારીથી પિડાતા બાળકોની સંખ્યા ગ્રામ્ય વિસ્તારની તુલનામાં વધારે જણાઈ છે. બાળકોમાં શરીરની સ્થૂળતાના ૨૦૩ કેસ એ ચિંતાજનક કહી શકાય તેમજ ૧૩ જેટલા બાળકોને શ્વસનતંત્રની બિમારી હોવાની વાત અત્યંત ગંભીર લેખી શકાય. દાંતની ખામી અને આંખની ખામી ધરાવતા બાળકોની સંખ્યા પણ ચિંતાજનક કહેવાય તેવુ તબીબી સૂત્રોનું કહેવું છે.

૫મી ફેબ્રુઆરી સુધી શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ચાલનાર છે. અત્યાર સુધીમાં ૩૭૮ બાળકો સંદર્ભસેવા પાત્ર જણાયા છે. રાજ્યના પાટનગરનું બાળપણ ગંભીર સમસ્યાઓથી ઘેરાયુ હોવાથી શિક્ષણપ્રેમીઓ અને વાલીઓમાં પણ ચિંતાની લ્હેર પ્રસરેલી જોવા મળી રહી છે.

## ચલચિત્રો માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ નવી નીતિમાં બાળ ચલચિત્ર અને મહિલા સશક્તિકરણ સંબંધિત વિષયોના ચલચિત્રોને તેના ગ્રેડ આધારે મળવાપાત્ર રકમ ઉપરાંત ૨૫ ટકા વધારાની આર્થિક સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો ગુજરાતી ફિલ્મને આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળશે તો તેને ૨ થી ૫ કરોડની સહાય અપાશે. આ ઉપરાંત જો કોઈ ગુજરાતી ફિલ્મને ભારત સરકારનો રજત કમલ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હશે તેને રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવશે.

## આધુનિક ટચ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અચકાતા નથી. જયારે નવિનીકરણ બાદ તૈયાર થયેલા ઘર અન્ય વસાહતીઓમાં પણ આકર્ષણનું કેન્દ્ર બને છે. નગરના સેકટરોમાં મકાન નવિનીકરણનું કામ પુરજોશમાં શરુ છે જેને લઈ કોન્ટ્રાકટરોને પણ બખ્ખા થઈ ગયા છે. શહેરમાં મંદીને પગલે નવા મકાનો ખુબ ઓછા પ્રમાણમાં બની રહ્યા છે પરંતુ તંત્ર દ્વારા મંજુરી મળતા સીંગલ મકાન પર બાંધકામ થતા ત્રણ માળના સુંદર મકાનો તૈયાર થઈ રહ્યા છે. નગરજનો પોતાના હાઈફાઈ ઘર આધુનિક ઉપકરણો થી સજ્જ કરી રહ્યા છે. નગરજનો પોતાના ઘરને સજાવતા બિલ્ડીંગ ક્ષેત્રે સંકળાયેલા વેપારીઓને મંદી હોવા છતા કોન્ટ્રાકટરોના વેપારમાં તેજી જોવા મળી રહી છે.

## વ્યાજદર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૨૦૧૭માં વિકાસ દર ૭.૬ ટકા રહેશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રાજન છેલ્લા કેટલાક દિવસથી નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી તરફથી દબાણ હેઠળ હતા. કારણકે નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી દ્વારા ઈકોનોમી રિકવરીની ગતિને ઝડપી કરવા વ્યાજદરમાં કાપની માંગ કરી રહ્યા હતા. રાજને કેશ રીઝર્વ રેસિયોમાં કોઈ ફેરફાર કર્યો ન હતો. આ દર યથાવત ચાર ટકા રાખવામાં આવ્યો છે. ૨૯મી સપ્ટેમ્બર પહેલા આરબીઆઈએ ચોથી ઓગષ્ટના દિવસે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. જેમાં આરબીઆઈએ વ્યાજદરને ધારણા પ્રમાણે જ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. આજે પોલીસી સમીક્ષા રજૂ કરવામાં આવ્યા બાદ હવે બજાર પર તેની અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે.આરબીઆઈએ તમામ મોટા બેંકરો અને અર્થશાસ્ત્રીઓની અપેક્ષા મુજબ જ આજે પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા.રેપો રેટને યથાવતરીતે જ ૬.૭૫ ટકા, રીવર્સ રેપો રેટને ૫.૭૫ ટકા અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. સામાન્ય લોકો માટે લોનમાં કોઈ રાહત મળી નથી. હાલમાં જે દર છે તે યથાવત રહેશે. લોકોની નજર પોલીસી સમીક્ષા પર હાલમાં કેન્દ્રિત હતી.

## રાજકીય કટોકટી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી નથી. આવી સ્થિતિમાં રાજ્યના રાજ્યપાલે ભાજપ અને પીડીપી જે બંને ગઠબંધન ભાગીદારો છે તેમને આજ સુધી વલણ સ્પષ્ટ કરવા માટે કહેવામાં આવ્યું હતું. જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાને લઈને લેખિતમાં ખાતરી આપવા ભાજપને મહેબુબા મુફ્તીની અપીલને ફગાવી દેવામાં આવ્યા બાદ મડાગાંઠ ઉભી થઈ ગઈ છે. બંને પાર્ટીઓને રાજ્યપાલ એનએન વોરાએ પત્ર મોકલીને વલણ સ્પષ્ટ કરવા માટે કહ્યું હતું. સરકારની રચના કરવાને લઈને ગુંચવણભરી સ્થિતિ ઉભી થઈ છે. પીડીપીના વડા મહેબુબા મુફ્તીએ આજે વિધાનસભા પક્ષની બેઠક બોલાવી હતી જેમાં સરકારની રચનાના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુફ્તી મોહમ્મદ સઈદનું સાતમી જાન્યુઆરીના દિવસે અવસાન થયા બાદ ત્રણ સપ્તાહનો સમયગાળો થઈ ગયો છે પરંતુ સરકારની રચના હજુ સુધી થઈ શકી નથી. ૧૦ મહિના જુના ગઠબંધનમાં ગંભીર સ્થિતિ ઉભી થઈ છે. મહેબુબા મુફ્તી બાંધછોડ કરવાના મુડમાં દેખાઈ રહ્યા નથી.

## ગુલમોર

● ૪ પાનાનું ચાલુ...

ભીતરનો અહેસાસ અને આત્મીય અનુભૂતિ હોય તે અનિવાર્ય છે. અંતરનો અહેસાસ હોય તો જ કોઈ પણ સંબંધ ટકી જાય છે યા તો પછી તૂટી જાય છે.

સંબંધનું ઊંડાણ યા સર્વોપરિતા ન હોય તો એવા સંબંધ માત્ર વ્યવસાયિક સંબંધ યા લેવડદેવડ પુરતા મર્યાદીત બનીને રહી જાય છે. એમાં બેઉ પક્ષે કોઈ પ્રકારની ઉષ્મા કે સુષ્માનો અનુભવ આવતો નથી. આથી જ તો કહેવાય છે ને કે સંબંધ માત્ર લોહીના સંબંધ નથી હોતા, સંબંધ મૈત્રી કે વ્યવહાર કે સંપર્કથી પણ સ્થપાતા હોતા નથી. સંબંધ માત્ર અહેસાસથી જ બંધાય અને વિકસે છે. સંબંધ ફક્ત અહેસાસના આધારે જ બને અને દીર્ઘકાળ સુધી ટકી રહે છે. આત્મીયતા ન હોય ત્યાં અપનાપન યાને પોતાનાપણું પણ આવતું નથી.

સ્ટોપર:

"ફુલને સ્પર્શે છતાં ચુંટે નહીં,

એ હવાની ખાનદાની હોય છે."

## hello ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

રેડમી મોબાઈલનું સર્વિસ સ્ટેશન ખોલ્યું છે. હાર્ડવેર-સૉફ્ટવેરનો વિભાગ કેનલ સાચવશે. અને હા દાદી, મેં એક્સટર્નલ બારમાનું ફોર્મ ભર્યું છે.' બંનેના ચહેરા પરની ચમક અને ખુશી જોઈ વિશાળ અને દાદી ખુશ હતા, ડિવોર્સના દ્વારા પહોંચેલી વાતને દિલના દ્વારે વળાવી, ફરી સંબંધને જોડવાનો શ્રેય મળતાં તેઓ સજળ નેત્રે, પગે લાગી રહેલા કેનલ-કુણાલને આશીર્વાદ આપી રહ્યાં હતા...

ચૂંટલો : લગ્ન સમયે છોકરાનું ઘર, ખેતી, નાત-જાત, શારીરિક સૌષ્ઠવ, શિક્ષણ અને કુંડળી જોવાની વાત હોય છે, પણ એમનું વૈચારિક ટ્યુનિંગ, લાગણીની સમજ, ભવિષ્યની યોજના અને મુખ્ય તો જે છે એને સ્વીકારી, સુધારી, સંસાર ચલાવવાની સમજ આવે તો કેટલાંય કેનલ-કુણાલ ડિવોર્સની જગ્યાએ નવી દુકાનના આમંત્રણ કાર્ડ સાથે આશીર્વાદ લેતાં થઈ જાય.


## હાર્દિક અભિનંદન



**શ્રી પ્રતિકભાઈ પી.સેવક**
ટ્રસ્ટીશ્રી, ધરણીધર મંદિર, ઢીમા
મહામંત્રીશ્રી, સમસ્ત બનાસકાંઠા બ્રહ્મસમાજ

આપશ્રીની સમગ્ર બનાસકાંઠા જિલ્લા બ્રહ્મસમાજના મહામંત્રી પદે યુવાન વયે નિમણૂંક થવા બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપશ્રી સમાજ સેવા કરી ઉત્તરોત્તર સામાજીક-રાજકીય પ્રગતિ સાધો અને સમાજને આપના વિચારોને કાર્ય સ્વરૂપે પ્રેરણા આપી સમાજની પ્રગતિમાં સદા સહભાગી બનો તેવી શુભકામના સહ...

**હાર્દિક શુભેચ્છક**

(૧) છગનલાલ કે.ગોરડીયા
ચેરમેનશ્રી, શ્રી બનાસકાંઠા જીલ્લા હસ્તકલા સહકારી. સંઘ
(૨) બાબુલાલ કે.છત્રાલીયા
પ્રમુખશ્રી,સહયોગ પ્રગતિ મંડળ, જસાલી
(૩) પ્રકાશભાઈ એન.ચૌહાણ
મે.ટ્રસ્ટી, નૈસર્ગિક ટ્રસ્ટ,પાલનપુર
(૪) કિર્તીભાઈ કે.સોની
મે.ટ્રસ્ટી,બનાસકાંઠા મહિલા જાગૃતિ ટ્રસ્ટ,પાલનપુર
(૫) ઈદ્રિશખાન આઈ.પઠાણ -(એડવોકેટ)
પ્રમુખશ્રી,બનાસકાંઠા જિલ્લા દલિત, આદિવાસી વિકાસ ટ્રસ્ટ
(૬) ચંપકભાઈ કે.શ્રીમાળી
પ્રમુખશ્રી,ભુમિધન સાર્વજનિક ટ્રસ્ટ,ચડોતર
(૭) ગૌતમભાઈ આર.કોઈટીયા
પ્રમુખશ્રી,નવસર્જન વિકાસ મંડળ, સરીપડા
(૮) સી.એમ.પરમાર
પ્રમુખશ્રી, પાયસ ફાઉન્ડેશન,કુશકલ
(૯) સોરાબજી ઠાકોર
પ્રમુખશ્રી, પ્રગતિ મંડળ,પાલનપુર
(૧૦) જયંતિભાઈ એન.ચૌહાણ
મે.ટ્રસ્ટીશ્રી, માતૃશક્તિ ફાઉન્ડેશન,દલવાડા
(૧૧) ભીખાલાલ એમ.જગાણીયા
પ્રમુખશ્રી, અર્પણ ફાઉન્ડેશન,લીંબોઈ
(૧૨) મદિનાબેન એસ.શેખ
મંત્રીશ્રી,સદભાવના મહિલા અને બાળવિકાસ ટ્રસ્ટ,પાલનપુર
(૧૩) ઈશ્વરલાલ એન.ખાખરેચા
પ્રમુખશ્રી,ગેહલોત જનજાગૃતી ટ્રસ્ટ, સામઢી
(૧૪) અરવિંદભાઈ વી.ખાખરેચા
સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ, સામઢી, પ્રમુખશ્રી
(૧૫) નિલોફરબેન આઈ.પઠાણ (એડવોકેટ)
પ્રમુખશ્રી, ગ્રામ્ય અને શહેરી વિકાસ ફાઉન્ડેશન
(૧૬) અશોકભાઈ ટી.પરમાર
એ.ટી.પરમાર કંસ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર
(૧૭) દલપતભાઈ ડી.ભાટીયા
પ્રમુખશ્રી,સુરજ યુવક મંડળ, ઈકબાલગઢ
(૧૮) જરીનાબેન આઈ.ભાટી
પ્રમુખશ્રી,પારસ એજ્યુકેશન ટ્રસ્ટ,ગોળા
(૧૯) જીતુભાઈ એ.મીઠાપરા
સેક્રેટરીશ્રી,જગતભારતી એજ્યુકેશન ટ્રસ્ટ,ચોટીલા(સુરેન્દ્રનગર)
(૨૦) લક્ષ્મીચંદ એસ.મોદી
પ્રમુખશ્રી,માનવકલ્યાણ ટ્રસ્ટ,સકલાણા


## જાહેર નિવિદા

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગરના ઉપયોગ સારું વાર્ષિક જરૂરીયાત મુજબ નાણાકીય વર્ષ - ૨૦૧૬-૧૭ દરમિયાન સમયાતરે સ્ટેશનરી ખરીદ કરવા માટેના ભાવો રસ ધરાવતી એજન્સીઓ પાસેથી એક વર્ષ સુધી મંજુર રાખવાની શરતે મંગાવવામાં આવે છે. સદર સ્ટેશનરીની વિગત તથા શરતો કચેરી સમય દરમિયાન મળી શકશે. આ ભાવ બંધ કવરમાં નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગરના નામ જોગ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં મોકલી આપવા વિનંતી છે. બંધ કવર ઉપર 'સ્ટેશનરીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

તારીખ — સંયુક્ત નિયામક (PLM-5),
સ્થળ : ગાંધીનગર — અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર,
માહિતી/૨૪૫૮/૨૦૧૫-૧૬ — ગાંધીનગર

## ટૂંકી મુદતની જાહેર નિવિદા વર્ષ ૨૦૧૫-૧૬

જિલ્લા પંચાયત ગાંધીનગર સેક્ટર-૧૭ આયુર્વેદ શાખા (ફોન નં. ૦૭૯૨૩૨૫૬૯૯૧) માટે નીચે દર્શાવેલ હોમીયોપેથીક દવાઓ ખરીદવાની થતી હોઈ તેના ભાવો હોમીયોપેથીક દવાઓના માન્ય વિક્રેતાઓએ તમામ કરવેરા સાથેના ભાવ મોડામાં મોડા તા. ૯-૨-૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, ગાંધીનગરને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

| ક્રમ | દવાનું નામ | પેકીંગ |
|---|---|---|
| 1. | Dilution 30 potency | 100 mi glass bottle |
| 2. | Mother Tincture | 100 mi glass bottle |
| 3. | Ointment | 25 gm pack |
| 4. | Globules No. 30 | 15 kg bag |
| 5. | Plastic phials HD Plasatic (I dram) | 1 Gross |

શ્રી જિલ્લા આયુર્વેદ અધિકારી
માહિતી/૨૪૭૭/૨૦૧૫-૧૬ — જિલ્લા પંચાયત, ગાંધીનગર